## આરબીઆઈ દ્વારા મંજૂર કરવામાં આવેલ રીસ્ટ્રક્ચરિંગ સ્કીમ શું છે?

રીસ્ટ્રક્ચરિંગ સ્કીમ એ એક રીઝોલ્યુશન ફ્રેમવર્ક છે. કોવિડ-19 રોગચાળાને પગલે આવેલી આર્થિક મંદીને કારણે ગ્રાહકો દ્વારા સામનો કરવામાં આવતા તણાવનો ઉકેલ લાવવા આરબીઆઈએ ધિરાણ પૂરું પાડનારી સંસ્થાઓને આ યોજના અમલમાં મૂકવા માટે સલાહ આપી છે. આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકાની અંદર રહી ABFLએ કોવિડ-19 રોગચાળાને કારણે આર્થિક અને નાણાકીય રીતે પ્રભાવિત થયેલી વ્યક્તિઓની અને એન્ટિટીઓની લૉન(નો)ને રીસ્ટ્રક્ચર (પુનર્ગઠન) કરવા માટે એક નીતિ ઘડી કાઢી છે.

### રીસ્ટ્રક્ચરિંગ માટે કોણ પાત્ર છે?

- એવી વ્યક્તિઓ અને એન્ટિટીઓ કે જે સ્ટાન્ડર્ડ તરીકે વર્ગીકૃત થયેલ હોય પરંતુ 1 માર્ચ, 2020 સુધીમાં એબીએફએલ સાથે 30 દિવસથી વધુ ડીફોલ્ટ ન રહેલ હોય તથા અત્યાર સુધીની તેની તમામ લૉનમાં સ્ટાન્ડર્ડ તરીકે જળવાઈ રહ્યાં હોય, તેઓ રીસ્ટ્રક્ચરિંગ માટે પાત્ર ગણાય છે.
- ગ્રાહક આવક અથવા રોકડના પ્રવાહમાં ઘટાડા અથવા નુકસાન થવાના સ્વરૂપે કોવિડ-19 રોગચાળાથી નાણાકીય રીતે પ્રભાવિત થયેલા હોવા જોઈએ.
- પ્રાપ્ત કરેલી લૉન વ્યક્તિગત ઉપયોગ માટે હોવી જોઈએ.
- એબીએફએલ રીસ્ટ્રક્ચરિંગને મંજૂર કરતાં પહેલાં ઘટી ગયેલા રોકડના પ્રવાહ અને રીસ્ટ્રક્ચર કરેલા ઈએમઆઈની સેવા પૂરી પાડવાની વ્યવહાર્યતાનું મૂલ્યાંકન કરશે. ગ્રાહક સાથેની ચર્ચા, દસ્તાવેજોની આકારણી અને નાણાં પરત કરવાના ગ્રાહકના એકંદર ટ્રેક જેવી બાબતો રીસ્ટ્રક્ચરિંગને મંજૂર કરવાના એબીએફએલના નિર્ણયને પ્રભાવિત કરશે.

### કયા પ્રકારની લૉન રીસ્ટ્રક્ચરિંગ માટે પાત્ર ગણાતી નથી?

અહીં નીચે જણાવેલ બાબતો માટે વ્યક્તિઓ/ એન્ટિટીઓને આપવામાં આવેલ લૉન રીસ્ટ્રક્ચરિંગ માટે પાત્ર ગણાતી નથીઃ

- કૃષિના હેતુ માટે અને બેંક દ્વારા કૃષિ લૉન તરીકે વર્ગીકૃત થયેલી લૉન
- એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ
- નાણાકીય સેવા પૂરી પાડનારાઓ
- કેન્દ્ર, રાજ્ય સરકાર અને સ્થાનિક સરકારી સંસ્થાઓ
- એબીએફએલના કર્મચારીઓ
- હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓનું એક્સપોઝર, જે પહેલેથી જ રીશિડ્યૂલ્ડ (પુનઃનિર્ધારિત) થયેલ છે.

વ્યાવસાયિક હેતુ માટે આપવામાં આવેલ લૉન પોઈન્ટ (<25 કરોડના કુલ એક્સપોઝર માટે એમએસએમઈ રીસ્ટ્રક્ચરિંગ)માં સમજાવવામાં આવ્યાં મુજબ, એમએસએમઈ માર્ગદર્શિકા હેઠળ રાહત મેળવવાને પાત્ર ગણાશે.

કૉર્પોરેટ ઋણકર્તાઓ (>25 કરોડ) માટે રીસ્ટ્રક્ચર કરેલ માર્ગદર્શિકા કોન્સોર્ટિયમ સ્તરે જાહેર કરવામાં આવી છે.

### હું મારી લૉન પર રીસ્ટ્રક્ચરિંગના લાભ કેવી રીતે મેળવી શકું?

અહીં નીચે જણાવેલ આવશ્યક દસ્તાવેજોની સાથે અમારી કસ્ટમર સર્વિસ ટીમને લખી શકો છોઃ

આપે જો ઑફલાઈન મૉડ મારફતે લૉનની અરજી કરી હોય તો, આપ care.finance@adityabirlacapital.com પર અને આપે જો ઑનલાઈન મૉડ પર લૉનની અરજી કરી હોય તો, આપ care.digitalfinance@adityabirlacapital.com પર

### મારી પાસે રીસ્ટ્રક્ચરિંગના કયા વિકલ્પો છે?

માસિક ઈએમઆઈ ઘટાડવા માટે લૉનની બાકી બચેલી મુદતને મહત્તમ 24 મહિનાના સમયગાળા સુધી લંબાવી શકાય છે.

**રીસ્ટ્રક્ચરિંગનો લાભ લેવા માટે શું મારે કોઈ દસ્તાવેજો જમા કરાવવાના રહેશે?**

આપે એબીએફએલમાં આપની રોજગારી કે બિઝનેસની વર્તમાન સ્થિતિ અંગેની વિગતો આપતા દસ્તાવેજો જમા કરાવવાના રહેશે. પગારદાર/સ્વરોજગાર ધરાવતા ઋણકર્તાઓએ બેંકનું સ્ટેટમેન્ટ, આઈટીઆર, જીએસટી રીટર્ન જમા કરાવવું પડી શકે છે. આ ઉપરાંત, એબીએફએલની ટીમ રોકડના એકંદર પ્રવાહ અંગે ચર્ચા કરવા આપની સાથે મુલાકાત યોજી શકે છે.

**રીસ્ટ્રક્ચરિંગનું પૅકેજ લેવાથી મારો ક્રેડિટ બ્યુરો રીપોર્ટ પ્રભાવિત થશે?**

નિયમનકારી માર્ગદર્શિકા મુજબ, આપની લૉન/ક્રેડિટ ફેસિલિટી 'રીસ્ટ્રક્ચર્ડ' થયેલ છે, તેમ ક્રેડિટ બ્યુરોને જાણ કરવામાં આવશે.

કૃપા કરીને એ વાત નોંધો કે, નિયમનકારી માર્ગદર્શિકા મુજબ, રીસ્ટ્રક્ચરિંગ અંગે ઋણકર્તાના સ્તરથી માંડીને ક્રેડિટ બ્યુરો સુધી જાણ કરવી જરૂરી છે અને આમ બેંક પાસેથી ઋણકર્તાએ લીધેલી તમામ સુવિધાઓ/લૉનને 'રીસ્ટ્રક્ચર્ડ' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે અને તેની જાણ કરવામાં આવશે, ભલે પછી ઋણકર્તાએ કોઈ એક લૉન માટે જ રીસ્ટ્રક્ચરિંગની સુવિધા મેળવી હોય.

**જો હું મારી લૉનને રીસ્ટ્રક્ચ કરાવું તો મારે કોઈ પ્રોસેસિંગ ફી કે ચાર્જિસ ચૂકવવા પડશે?**

આપ જો લૉનને રીસ્ટ્રક્ચર કરવાનો વિકલ્પ પસંદ કરો છો તો એબીએફએલ આપની પાસેથી ફી વસૂલી શકે છે.

**મેં એબીએફએલ પાસેથી એકથી વધુ લૉન લીધી છે. શું મારે આ બધી જ લૉન માટે અલગથી અરજી કરવાની રહેશે?**

આ સુવિધા ફક્ત એક જ વાર મેળવી શકાય છે અને આથી આપે એક જ અરજીમાં તમામ લૉનના રીસ્ટ્રક્ચરિંગ માટે અરજી કરવાની રહેશે.

**રીસ્ટ્રક્ચરિંગની સુવિધા મેળવવા માટે ઓછામાં ઓછી કેટલી રકમ ચૂકવવાની બાકી હોવી જરૂરી છે?**

લૉનની બાકી રકમને કન્વર્ટ કરવા માટે તમામ સુવિધાઓમાં ઓછામાં ઓછા રૂ. 25,000ની રકમ ચૂકવવાની બાકી હોવી જરૂરી છે.

**હું સ્વ-રોજગારી/એમએસએમઈ યુનિટ ધરાવું છું. તો શું હું રાહત મેળવવા માટે પાત્ર છું?**

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી એમએસએમઈ વર્ગીકરણ માટેની સુધારેલી માર્ગદર્શિકા મુજબ એમએસએમઈ કેટેગરી હેઠળ આવતા સ્વ-રોજગારી ધરાવતા વ્યક્તિઓ/એન્ટિટીઓ એમએસએમઈ રીસ્ટ્રક્ચરિંગ સ્કીમ હેઠળ રાહત મેળવવા અરજી કરી શકે છે. આપ આપના રીલેશનશીપ મેનેજર કે કસ્ટમર સર્વિસ ટીમનો (વિગતો ઉપર દર્શાવેલી છે) વધુ વિગતો માટે સંપર્ક કરી શકો છો.

ઉદ્યમ પોર્ટલની લિંક: [https://udyamregistration.gov.in/Government-of-India/Ministry-of-MSME/online-registration.htm](https://udyamregistration.gov.in/Government-of-India/Ministry-of-MSME/online-registration.htm)

**જો મેં મોરેટોરિયમ (ઋણમોકૂફી) મેળવ્યું હોય/ન મેળવ્યું હોય તો શું હું રીસ્ટ્રક્ચરિંગ માટે અરજી કરી શકું?**

રીસ્ટ્રક્ચરિંગ માટેની સ્કીમ મોરેટોરિયમની સ્થિતિને ધ્યાન પર લીધા વિના બેંકના તમામ ગ્રાહકો માટે ખુલ્લી છે, જોકે, રીસ્ટ્રક્ચર અંગેનો નિર્ણય એબીએફએલની સંપૂર્ણ મુનસફીને આધિન રહેશે.

**શું ઋણકર્તા/સહ-ઋણકર્તા તમામે રીસ્ટ્રક્ચર માટે અરજી કરવાની રહેશે કે પછી ફક્ત ઋણકર્તાએ જ અરજી કરવાની રહેશે?**

નિયમનકારી અને કાયદાકીય આવશ્યકતાઓ મુજબ, ઓરિજિનલ લૉનના ઋણકર્તા/સહ-ઋણકર્તા તમામે મુખ્ય લૉનના કરારના પરિશિષ્ટની શરતોને સ્વીકારવા સહિત લૉનના સુધારેલા નિયમો અને શરતોને સ્વીકારવા જરૂરી છે.

રીસ્ટ્રક્ચરીંગ માટે અરજી કરવાની છેલ્લી તારીખ કઈ છે?

આપ છેલ્લામાં છેલ્લા 15મી ડિસેમ્બર 2020 સુધી અરજી કરી શકો છો, જેથી રેગ્યુલેટર માટે નિર્ધારીત 31મી ડિસેમ્બર 2020ની ડેડલાઈન સુધીમાં રીસ્ટ્રક્ચરીંગનો નિર્ણય અને દસ્તાવેજી કાર્યવાહી પૂરી થઈ શકે.